સ્પોર્ટસ ક્વિવર
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત



# ન્યૂઝીલેન્ડ સામેની વન ડે સિરીઝમાં અનુભવહીન પેસ એટેક ભારત માટે ચિંતાનો વિષય

ન્યૂઝીલેન્ડ સામેની પાંચ મેચોની વન ડે સિરીઝમાં પ્રવાસી ભારતીય ટીમ સામે ન્યૂઝીલેન્ડની મજબૂત અને સંતુલિત ટીમનો મોટો પડકાર રહેશે. વર્તમાન શિડ્યુલિંગમાં બે વધારાની વન ડે મેચો ઉમેરવામાં આવી છે. આ નિર્ણયને રોહિત શર્મા અને વિરાટ કોહલીના ન્યૂઝીલેન્ડના આ અંતિમ પ્રવાસનો આર્થિક લાભ લેવા માટે BCCI દ્વારા ન્યૂઝીલેન્ડ ક્રિકેટ (NZC) ને આપવામાં આવેલી એક તક તરીકે જોવામાં આવે કે પછી શિડ્યુલિંગની અવ્યવસ્થા તરીકે, સત્ય એ છે કે ભારતને પોતાની નબળી અને અનુભવહીન બોલિંગ લાઇન-અપ સાથે મેદાનમાં ઉતરવાની ફરજ પડી રહી છે. રેકોર્ડ ખાતર નોંધવું જરૂરી છે કે, આ વન ડે સ્કવોડમાં સામેલ કરાયેલા તમામ યુવા અને બિનઅનુભવી બોલરો ન્યૂઝીલેન્ડની ધરતી પર પોતાની સૌપ્રથમ એકદિવસીય સિરીઝ રમવા જઈ રહ્યા છે.

## અનુભવી બોલરોની ગેરહાજરી અને નેતૃત્વની જવાબદારી

ટીમના સૌથી અનુભવી બોલર મોહમ્મદ સિરાજ (જેમણે ૫૧ ODI મેચોમાં ૭૭ વિકેટ ઝડપી છે) પ્રથમ ત્રણ મેચો બાદ રેડ-બોલ ક્રિકેટની તૈયારીઓ માટે રવાના થઈ જાય તેવી શક્યતા છે. આ સિવાય ટીમનો એકમાત્ર ઓલરાઉન્ડર નિતીશ કુમાર રેડ્ડી પણ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની તૈયારી કરવા માટે પ્રથમ મેચ રમીને ટીમ છોડી દેશે. આ પરિસ્થિતિમાં 18 વન ડે મેચોનો અનુભવ ધરાવતો અર્શદીપ સિંહ મુખ્ય બોલિંગ એટેકનું નેતૃત્વ કરશે. તેની સાથે ટીમમાં અન્ય બોલરો તરીકે ગુરનૂર બ્રાર (નવ વન ડે), અંશુલ કમ્બોજ (એક વન ડે), આકિબ નબી (એક વન ડે) અને યશ ઠાકુર (હજુ સુધી ડેબ્યૂ નથી કર્યું,) ઉપલબ્ધ રહેશે. આ સંજોગોમાં અર્શદીપ સિંહે બોલિંગ ડિપાર્ટમેન્ટની જવાબદારી પોતાના ખભા પર લેવો પડશે.

## ત્રીજા ઝડપી બોલરની પસંદગીનો જટિલ કોયડો

ન્યૂઝીલેન્ડના બેટિંગ-ફ્રેન્ડલી અને સપાટ પિચો પર ત્રીજા ફાસ્ટ બોલરની પસંદગી કરવી ભારતીય મેનેજમેન્ટ માટે સૌથી મોટો કોયડો બનશે. ઉદાહરણ તરીકે, ઓકલેન્ડનું ઈડન પાર્ક જેનું મેદાન અને પરિમાણ ક્રિકેટ કરતાં ન્યૂઝીલેન્ડની રાષ્ટ્રીય રમત રગ્બી માટે વધુ અનુકૂળ છે ત્યાં રન દોડીને બે લેવા પણ ખૂબ જ મુશ્કેલ હોય છે. આ મેદાન પર બેટ્સમેન કાં તો સિંગલ લઈ શકે છે અથવા સીધી બાઉન્ડ્રી અને છગ્ગા ફટકારી શકે છે. સિરાજ અને અર્શદીપનું પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન લગભગ નિશ્ચિત માનવામાં આવે છે. પરંતુ ત્રીજા ફાસ્ટ બોલર તરીકે ગુરનૂર બ્રાર, અંશુલ કમ્બોજ અને આકિબ નબી વચ્ચે હરીફાઈ જોવા મળશે.

## યુવા બોલરોની તાકાત અને નબળાઈઓ

**ગુરનૂર બ્રાર :** ગુરનૂર પાસે 9 ઈન્ટરનેશનલ મેચોનો અનુભવ છે, પરંતુ તેમનો ઈકોનોમી રેટ પ્રતિ ઓવર 7.71 રનનો રહ્યો છે જે ઘણો મોંઘો સાબિત થાય છે. છ ફૂટ પાંચ ઈંચની ઊંચાઈ ધરાવતા બ્રાર પાસે વધારાની સ્પીડ છે અને તેઓ પિચ પરથી તીખો ઉછાળ મેળવી શકે છે. પરંતુ તેમની નેચરલ લેન્થ થોડી પાછળ હોવાથી શોર્ટ બાઉન્ડ્રીઝ પર તેમના બોલ પર મોટા શોટ્સ વાગવાનું જોખમ વધુ રહે છે.

**યશ ઠાકુર :** આ નવા ચાર બોલરોના જૂથમાં યશ ઠાકુર એકમાત્ર એવો બોલર છે જેની પાસે વિવિધતાઓ અને ખાસ કૌશલ્ય છે. તેની પાસે પેસ ચેન્જ (ગતિમાં ફેરફાર) કરવાની ક્ષમતા છે અને તેઓ સચોટ યોર્કર તથા વાઇડ યોર્કર ફેંકવામાં નિષ્ણાત છે. પરંતુ અફસોસની વાત એ છે કે ઠાકુર પ્રથમ બે મેચો માટે ઉપલબ્ધ નથી.

## સ્પિન ડિપાર્ટમેન્ટ અને કુલદીપ યાદવનું સ્થાન

ભારતનો સૌથી સફળ ODI સ્પિનર કુલદીપ યાદવ (૧૨૪ મેચોમાં ૨૦૧ વિકેટ) ઉપખંડ બહારની પરિસ્થિતિઓમાં કોમ્બિનેશન-સ્પેસિફિક બોલર બની જાય છે. હેડ કોચ ગૌતમ ગંભીરની આઠમા નંબર સુધી બેટ્સમેનોને રમાડવાની ખાસ વ્યૂહરચનાના કારણે કુલદીપ માટે પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન બનાવવું અત્યંત પડકારજનક બની જાય છે. જોકે, વર્તમાન બોલિંગ એટેકમાં અનુભવની ભારે અછત હોવાથી કુલદીપ યાદવને આ સિરીઝમાં પ્લેઈંગ ઈલેવનમાં તક મળે તેવી પૂરી શક્યતા છે જો કે તાજેતરની T20I સીરિઝમાં તેણે મોટાભાગે બેંચ પર બેસી રહેવાની ફરજ પડી હતી. ન્યૂઝીલેન્ડની મજબૂત બેટિંગ લાઇન-અપ સામે ભારતના આ યુવા અને નવા બોલિંગ એટેક માટે આ સિરીઝ એક અગ્નિપરીક્ષા સમાન સાબિત થશે. અનુભવી ખેલાડીઓની ગેરહાજરીમાં કેપ્ટન અને કોચ ગૌતમ ગંભીર આ બિનઅનુભવી પેસ એટેકનો કેવી રીતે ઉપયોગ કરે છે તેના પર સિરીઝના પરિણામનો મોટો આધાર રહેશે.



**ભારતીય ટીમ થિંક ટેન્કે ગુરનૂર બ્રાર, અંશુલ કમ્બોજ, આકિબ નબી અને યશ ઠાકુર જેવા બોલરોની સામૂહિક અપરિપક્વતા અને અનુભવહીનતાનો સામનો કરવો પડશે, જેમણે કુલ મળીને કુલ માત્ર 11 વન ડે મેચો રમી છે**

ટુ ધ પોઈન્ટ

**અંશુલ કમ્બોજ અને આકિબ નબી:** આ બંને બોલરોની સરેરાશ સ્પીડ 135 કિમી/કલાકની આસપાસ રહે છે. જોકે, આંતરરાષ્ટ્રીય સ્તરે અનુભવનો અભાવ હોવાને કારણે તેઓ જુદી જુદી મેચ પરિસ્થિતિઓની સમજણ અને દબાણ હેઠળ યોજનાઓનો અમલ કરવામાં પાછળ પડી શકે છે.



# ચેન્નાઈમાં અસાધારણ સંઘર્ષ, ભારતીય ટેનિસના ઉજ્જવળ ભવિષ્યની ઝાંખી

WTA 250 ચેન્નઈ ઓપન ટુર્નામેન્ટની ક્વોલિફાઈંગ રાઉન્ડ માટે વાઈલ્ડ કાર્ડની જાહેરાત પહેલાથી જ થઈ ચૂકી હતી. પરંતુ તામિલનાડુ ટેનિસ એસોસિએશને ગુજરાતના જૂનાગઢના રહેવાસી દીપકભાઈ કનાબારને વચન આપ્યું હતું કે જો મુખ્ય ખેલાડીઓના હટવાથી જગ્યા ખાલી પડશે, તો તેમની 14 વર્ષની પુત્રી જેન્સીને વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી આપવામાં આવશે. દીપકભાઈ અને જેન્સી કોઈ જ ગુમાવવાના ડર વગર જૂનાગઢથી ટ્રેન દ્વારા અમદાવાદ અને ત્યાંથી ફ્લાઈટ પકડીને ચેન્નાઈ પહોંચ્યા.

સેન્ટર કોર્ટ

દીપકભાઈએ જણાવ્યું હતું કે, અમે વિચાર્યું હતું કે જો વાઈલ્ડ કાર્ડ મળશે તો રમશું, નહીં તો રામેશ્વરમ અને મદુરાઈના મંદિરોના દર્શન કરીને પાછા ફરીશું. લગભગ ૧૦ કલાકની સફર બાદ તેઓ જ્યારે નુગમબક્કમ સ્ટેડિયમ પહોંચ્યા ત્યારે શ્રિવલ્લી ભામીડીપાટીની જગ્યા ખાલી પડતાં જેન્સીને વાઈલ્ડ કાર્ડ આપી દેવામાં આવ્યું. જેન્સીની આ તક કોઈ અકસ્માત નહોતી. જુનિયર આઈટીએફ (ITF) રેન્કિંગમાં ભારતની માયા રાજેશ્વરન વિશ્વ નં. 16 પછી જેન્સી કનાબાર વિશ્વમાં 44મા ક્રમે આવે છે. આટલી નાની ઉંમરે તેની આ સફળતા પાછળ તેના પિતાનો અથાક પરિશ્રમ છે. પોતે શાળાના શિક્ષક અને સ્ટેફી ગ્રાફના ચાહક એવા દીપકભાઈએ પુત્રીને ટેનિસના પાઠ ભણાવ્યા. 2022માં તેમણે મિત્રો સાથે મળીને ભાડે જમીન લઈ બે ક્લે કોર્ટ બનાવ્યા જેથી જેન્સી એકાગ્રતાથી તાલીમ લઈ શકે. આ જ મહેનતના પરિણામે જેન્સીએ ડેબ્યૂના એક વર્ષમાં જ ટોપ-50 જુનિયર્સમાં સ્થાન મેળવી લીધું.

**WTA 250 ચેન્નાઈ ઓપનની ક્વોલિફાઈંગ મેચમાં પોલેન્ડની અનુભવી ખેલાડી વેરોનિકા ફાલ્કોવસ્કા ભલે મેચ જીતી ગઈ પરંતુ ટૂર-લેવલ ટેનિસનો કોઈ જ અનુભવ ન ધરાવતી એક 14 વર્ષની ગુજરાતી કિશોરીએ, વિશ્વ સ્તરની ખેલાડીને બે કલાક અને 21 મિનિટ સુધી જીત માટે કરાવેલો પરિશ્રમ બધાને વાહ બોલાવી ગયો**

મેચ દરમિયાન 26 વર્ષીય, 176 સેમી ઊંચી અને અનુભવી ફાલ્કોવસ્કા સામે 14 વર્ષની નાજુક જેન્સી શરૂઆતમાં નર્વસ દેખાતી હતી. પહેલો સેટ ફાલ્કોવસ્કાએ 6-2થી સરળતાથી જીતી લીધો. પરંતુ બીજા સેટથી જેન્સીએ પોતાની રમતનું સ્તર અદ્ભુત રીતે ઊંચું ઉઠાવ્યું.

તેણે પોલિશ ખેલાડીની સર્વને વાંચવાનું શરૂ કર્યું, લાંબી રેલીઓ ખેંચી અને અનુભવી ખેલાડીને ભૂલો કરવા મજબૂર કરી. ભલે ફાલ્કોવસ્કાએ આ મુકાબલો 6-2, 5-7, 6-3થી જીતી લીધો હોય, પરંતુ 100થી વધુ દર્શકો સાક્ષી બન્યા હતા કે જેન્સીના આ સાહસ અને જુસ્સાએ ચેન્નાઈના ટેનિસ ચાહકોને ભારતીય રમતના આવનારા એક મહાન ભવિષ્યની સુંદર ઝાંખી કરાવી દીધી હતી. મેચ પૂરી થયા પછી કોર્ટ છોડતા પહેલાં જેન્સીએ એક મહિલા અને તેના નાના પુત્રને ઓટોગ્રાફ પણ આપ્યો. આ ક્ષણ દર્શાવતી હતી કે સ્થાનિક દર્શકોના દિલમાં આ નાની છોકરીએ કેટલું ખાસ સ્થાન બનાવી લીધું હતું. હવે દીપકભાઈ અને જેન્સી રામેશ્વરમ અને મદુરાઈના દર્શને જશે, પણ આ તીર્થયાત્રામાં હવે એક વિશેષ આભારનો ભાવ પણ ઉમેરાયો હશે.

# મનીષા ભાનવાલા

## વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ જીતનારી પ્રથમ ભારતીય મહિલા રેસલર

ભારતની ઐતિહાસિક વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપ વિજેતા રેસલર મનીષા ભાનવાલાનું માનવું છે કે પ્રો રેસલિંગ લીગ (PWL) માં સતત અને બેક-ટુ-બેક બાઉટ્સ (મેચો) રમીને દબાણ મુક્ત રહેવાની જે ટેવ પડી, તેણે જ તેને અસ્તાના ખાતે રમાયેલી વર્લ્ડ ચેમ્પિયનશિપની 59 કિગ્રા મહિલા કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીતવા માટે જરૂરી માનસિક મજબૂતી પૂરી પાડી હતી. 29 વર્ષીય મનીષા એશિયન ગેમ્સમાં પોડિયમ ફિનિશથી ચૂકી ગઈ હતી, પરંતુ તેના થોડા જ અઠવાડિયા બાદ તેણે સિનિયર વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચી દીધો. સિનિયર વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનારી તે ભારતની પ્રથમ મહિલા રેસલર બની છે.

**મનીષા ભાનવાલા સુશીલ કુમાર પછી વર્લ્ડ રેસલિંગમાં મેડલ જીતનારી ઓવરઓલ બીજી રેસલર બની છે અને તે કહે છે કે પ્રો વેસલિંગ લીગની સતત મેચોએ તેને વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ જીતવા માટે તૈયાર કરી છે**

સ્પેશિયલ કોમેન્ટ

મનીષાએ પોતાની આ ઐતિહાસિક સફળતાનું શ્રેય પ્રો રેસલિંગ લીગના કઠિન અને પડકારજનક શિડ્યુલને આપ્યું હતું. PWLમાં મહિલા અને પુરુષ રેસલર્સએ બહુ ઓછા સમયમાં એક મેચમાંથી બહાર આવીને બીજી મેચ માટે માનસિક રીતે તૈયાર થવું પડે છે. રમતની આ શ્રેણીએ જ તેને સૌથી મોટા સ્ટેજ પર દબાણ નિયંત્રિત કરવાની ક્ષમતા આપી. પોતાના અનુભવો શેર કરતા મનીષાએ જણાવ્યું હતું કે, સામાન્ય કે પરંપરાગત ટુર્નામેન્ટ્સમાં તમને બે મોટી સ્પર્ધાઓ વચ્ચે અઠવાડિયાઓનો સમય મળે છે, પરંતુ પ્રો રેસલિંગ લીગ તમને સીધા અગ્નિપરીક્ષામાં ધકેલે છે.

અહીં તમે આજે એક વિશ્વસ્તરીય કુસ્તી લડો છો અને બીજા જ દિવસે બીજી મેચ માટે તમારે તાત્કાલિક તમારી માનસિકતા રીસેટ કરવી પડે છે. આ દિનચર્યા અને સતત મેચ રમવાની પ્રક્રિયાએ જ મને મારી લાગણીઓ પર નિયંત્રણ રાખતા અને શાંત રહીને કુસ્તી લડતા શીખવ્યું.

એશિયન ગેમ્સની નિષ્ફળતા અને તેના પછીના દિવસોને યાદ કરતા મનીષાએ કહ્યું કે જાપાનની અકારી સામે ક્વાર્ટર ફાઇનલમાં હાર્યા બાદ તે ખૂબ જ નિરાશ થઈ ગઈ હતી. પરંતુ ભારતમાં પગ મૂકતાની સાથે જ તેણે આરામ કરવાને બદલે તાત્કાલિક પોતાની તાલીમ શરૂ કરી દીધી હતી. મનીષાએ ઉમેર્યું કે, હું સોમવારે સવારે એશિયન ગેમ્સથી ભારત પાછી ફરી હતી અને એ જ દિવસે સાંજે હું ટ્રેનિંગ હોલમાં પ્રેક્ટિસ કરવા પહોંચી ગઈ હતી. મારા કોચે મને થોડા દિવસ વિશ્રામ કરવા અને રિકવરી પર ધ્યાન આપવા કહ્યું હતું, પરંતુ મેં તેમને સામેથી પૂછ્યું કે, શું મેં કોઈ મેડલ જીત્યો છે કે હું શાંતિથી બેસીને આરામ કરું? એશિયન ગેમ્સ અને વર્લ્ડ ચેમ્પિયનશિપ વચ્ચેના એ દસ દિવસોમાં મેં મારી જાતને એક ક્ષણ માટે પણ રોક્યા વિના સખત પરિશ્રમ કર્યો હતો. આંતરરાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓ સામે રમતી વખતે આવતા માનસિક દબાણ અંગે વાત કરતા મનીષાએ કહ્યું કે PWL માં વિદેશી સ્ટાર્સ સાથે ટ્રેનિંગ મેટ અને લોકર રૂમ શેર કરવાથી તેના મનમાંથી વિદેશી પહેલવાનોનો ડર કાયમ માટે નીકળી ગયો હતો. તેણે કહ્યું કે, પ્રો રેસલિંગ લીગની સૌથી મોટી સુંદરતા એ છે કે તમે વિશ્વના ટોચના ખેલાડીઓ સાથે જ લોકર રૂમ અને તાલીમ મેટ શેર કરો છો. મેં બિલિયાના દુદોવા જેવા વર્લ્ડ ચેમ્પિયન અને આર્મેનિયાના ટોચના પહેલવાનો સાથે અઠવાડિયા સુધી સ્પારિંગ (પ્રેક્ટિસ) કરી અને તેમની દાવપેચની પદ્ધતિઓ સમજી. જ્યારે તમે તેમની સાથે રોજ તાલીમ લો છો, ત્યારે તમને અહેસાસ થાય છે કે તેઓ પણ આપણા જેવા સામાન્ય માણસ જ છે.



ભૂતકાળમાં મહારાષ્ટ્ર કેસરી ફ્રેન્ચાઇઝીનું પ્રતિનિધિત્વ કરી ચૂકેલી મનીષા હવે દિલ્હીમાં યોજાનારી પ્રો રેસલિંગ લીગની છઠ્ઠી સીઝન માટે આતુરતાથી રાહ જોઈ રહી છે.

તેનું માનવું છે કે આગામી ઓલિમ્પિક ક્વોલિફિકેશન સાયકલ પહેલાં આ લીગ તેને મેચ રમવાનો ઉત્કૃષ્ટ અનુભવ પૂરો પાડશે. મનીષાએ હસતાં હસતાં જણાવ્યું કે, મારા કોચ ઘણીવાર રમુજમાં કહે છે કે મારી આક્રમક શૈલીના કારણે મારા એટેક્સ કે દાવના કોઈ સત્તાવાર નામ જ નથી.

દિલ્હીમાં PWL ની છઠ્ઠી સીઝન એકદમ યોગ્ય સમયે યોજાઈ રહી છે કારણ કે આવતા વર્ષથી જ ઓલિમ્પિક ક્વોલિફાયર્સ શરૂ થઈ રહ્યા છે. તેજસ્વી લાઈટો અને હજારો દર્શકો વચ્ચે વિશ્વના શ્રેષ્ઠ વિદેશી પહેલવાનો સામે વાસ્તવિક મેચ રમવાનો આ અનુભવ મને ઓલિમ્પિક કોટા મેળવવા માટે જરૂરી તીક્ષ્ણતા અને આત્મવિશ્વાસ આપશે. આ સાથે જ મનીષાનું માનવું છે કે પ્રો રેસલિંગ લીગ જેવી ટુર્નામેન્ટ્સ કુસ્તીના ટેકનિકલ અને વ્યૂહાત્મક પાસાઓને સામાન્ય લોકો સમક્ષ રજૂ કરીને આ રમતને દેશભરમાં વધુ લોકપ્રિય બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે.

# કિમી એન્ટોનેલી : ટાયરની અંદર સંતાઈને ગેરકાયદે ઘૂસેલો છોકરો બન્યો F-1માં યુવા વર્લ્ડ ચેમ્પિયન

ફોર્મ્યુલા-1 પેડોકમાં એક સમયે ટાયરોના ઢગલામાં સંતાઈને અનધિકૃત રીતે પ્રવેશ મેળવનાર કિમી એન્ટોનેલીએ રેસિંગ ટ્રેક પર પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. 20 વર્ષીય આ ઇટાલિયન ડ્રાઇવરે રવિવારે યોજાયેલી મેક્સિકો સિટી ગ્રાન્ડ પ્રિકસમાં ત્રીજું સ્થાન મેળવવાની સાથે જ F-1 ઇતિહાસનો સૌથી યુવા વિશ્વ ચેમ્પિયન બનવાનું ગૌરવ હાંસલ કર્યું છે. ટાઇટલ પોતાના નામે કરવા માટે તેના માટે આ સ્થાન પૂરતું હતું.

એન્ટોનેલીની F-1 સફરની શરૂઆત તેના પિતા માર્કોના કારણે થઈ હતી, જેઓ પોતે સ્પોર્ટ્સકાર રેસર હતા. 2014ની જર્મન ગ્રાન્ડ પ્રિકસ વખતે તેમના પિતાની ટીમ એક સપોર્ટ રેસમાં ભાગ લઈ રહી હતી. તે સમયે 7 વર્ષનો એન્ટોનેલી F-1ની મુખ્ય રેસ અને તેના બેકસ્ટેજ પરિસરને નજીકથી જોવા માંગતો હતો, પરંતુ તેની પાસે જરૂરી એક્સેસ પાસ નહોતો. ગયા વર્ષે F-1માં ડેબ્યૂ કરતી વખતે આ યાદો વાગોળતા એન્ટોનેલીએ જણાવ્યું હતું કે, હું ટાયરની અંદર કેવી રીતે સમાયો તે આજે પણ મને ખબર નથી, પરંતુ તે જગ્યા ખૂબ સાંકડી હતી. કોઈને શંકા ન જાય તે માટે અમે ટાયરની ઉપર એક છત્રી પણ મૂકી દીધી હતી જેથી સિક્યોરિટીને કંઈ અસામાન્ય ન લાગે.

## મહાન ડ્રાઇવરો સાથે સતત સરખામણી

પોતાની કરિયરના દરેક તબક્કે એન્ટોનેલીની સરખામણી મોટરસ્પોર્ટ્સની દુનિયાના મહાન ડ્રાઇવરો સાથે થતી રહી છે. સાત વખતના વર્લ્ડ ચેમ્પિયન લુઈસ હેમિલ્ટને જ્યારે ફેરારીમાં જોડાવા માટે મર્સિડીઝ ટીમ છોડી, ત્યારે મર્સિડીઝે તેમની જગ્યા પૂરવા માટે એન્ટોનેલી પર પસંદગીનો કળશ ઢોળ્યો હતો. 17 વર્ષની કુમળી વયે F-1 ડેબ્યૂ કરનાર રેડ બુલના સ્ટાર ડ્રાઇવર મેક્સ વર્સ્ટાપેનના જવાબ તરીકે મર્સિડીઝના ટીમ પ્રિન્સિપલ ટોટો વુલ્ફે એન્ટોનેલીને તક આપી હતી. આ ઉપરાંત, સબાસ્ટિયન વેટલના સૌથી યુવા ચેમ્પિયન બનવાના રેકોર્ડને તોડવા માટે પણ તે એક મુખ્ય દાવેદાર માનવામાં આવતો હતો.

## કિમી નામ પાછળ પણ રસપ્રદ અને ચર્ચાસ્પદ કિસ્સો

તેના નામ પાછળ પણ એક રસપ્રદ અને ચર્ચાસ્પદ કિસ્સો જોડાયેલો છે. 2006માં જ્યારે તેનો જન્મ થયો ત્યારે તેના માતા-પિતા બાળકના મધ્યમ નામ (મિડલ નેમ) તરીકે કોઈ વિશિષ્ટ નામ શોધતા હતા. તે સમયે તેમના એક કૌટુંબિક મિત્રે કિમી નામ સૂચવ્યું હતું. યોગાનુયોગે તે સમયે ફિનલેન્ડનો કિમી રાઇકોનન F-1નો અત્યંત ઉત્સાહી અને ઝડપી ડ્રાઇવર હતો અને એન્ટોનેલીના પ્રથમ જન્મદિવસે જ તેણે ફેરારી માટે વર્લ્ડ ટાઇટલ જીત્યું હતું. જોકે, એન્ટોનેલીએ આ અંગે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે આ નામ કિમી રાઇકોનનના માનમાં રાખવામાં આવ્યું નહોતું. તેણે ખુલાસો કર્યો હતો કે, મારો પરિવાર રેસિંગ બેકગ્રાઉન્ડ ધરાવે છે અને આ સૂચન કરનાર મિત્ર પણ રેસિંગ સાથે જોડાયેલા છે. તેમણે મને કિમી નામ આપવાનું નક્કી કર્યું, પરંતુ તેનો હેતુ પેલા પ્રખ્યાત ડ્રાઇવર સાથે જોડવાનો નહોતો. તેમના મનમાં આ નામ અચાનક જ આવ્યું હતું.

## આકાશી અપેક્ષાઓ પર ખરા ઊતરવાની સફર

નાનપણથી જ ગો-કાર્ટિંગ સ્પર્ધાઓથી એન્ટોનેલી પોતાની પ્રતિભાના કારણે ચર્ચામાં રહ્યો હતો. જોકે, ફેરારી સાથેની વાટાઘાટો નિષ્ફળ જતાં તે મર્સિડીઝ સાથે જોડાયો હતો. 11 વર્ષની વયના આ બાળ ડ્રાઇવર સાથે કરાર કરવા અંગે ફેરારી અને તેના માતા-પિતા વચ્ચેની ચર્ચા કેમ અટકી ગઈ તે અંગે જુદા જુદા રિપોર્ટ સામે આવ્યા છે, પરંતુ ફેરારી એટલી નાની વયના ડ્રાઇવર પર લાંબા ગાળાની કમિટમેન્ટ આપવા માટે અચકાતી હતી. ફેરારીએ આ તક ગુમાવ્યા બાદ મર્સિડીઝે તેને પોતાના યુવા ડ્રાઇવર ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં સાઇન કરી લીધો. ત્યારબાદ એન્ટોનેલીએ કાર્ટિંગ ચેમ્પિયનશિપમાં પ્રભુત્વ જમાવ્યું અને 2021માં કાર રેસિંગમાં પ્રવેશતાની સાથે જ ઝડપથી ટાઇટલ્સ જીતવાનું શરૂ કર્યું.

## અકસ્માતથી શરૂઆત અને રેકોર્ડબ્રેક પુનરાગમન

એન્ટોનેલીની કરિયરની આ સફરમાં મોન્ઝા ખાતે યોજાયેલા ત્રણ અલગ અલગ ઇટાલિયન ગ્રાન્ડ પ્રિકસ વીકએન્ડ્સ મહત્વના વળાંક સાબિત થયા છે. 2024માં જ્યારે તે ફોર્મ્યુલા-2 ડ્રાઇવર હતો, ત્યારે તેને મર્સિડીઝ માટે ફ્રી પ્રેક્ટિસ સેશનમાં F-1 કાર ચલાવવાની તક મળી હતી. પરંતુ પોતાના ઘરઆંગણે હોમ ક્રાઉડ સામે પ્રથમ સિઝનમાં જ તેણે કાર બેરિયર સાથે અથડાવી દીધી હતી. આ શરૂઆતી અકસ્માત છતાં મર્સિડીઝે તેના પરનો વિશ્વાસ જાળવી રાખ્યો. 18 વર્ષની વયે જ્યારે તેણે પૂર્ણ સમયના F-1 ડ્રાઇવર તરીકે ડેબ્યૂ કર્યું, ત્યારે તે મોટો નિર્ણય લેતી વખતે અસ્વસ્થ અને આશ્ચર્યચકિત દેખાતો હતો. ગયા વર્ષે ઇટાલીમાં પોતાની હોમ રેસ વખતે તેણે પોતાના આખા સ્કૂલ ક્લાસને આમંત્રિત કર્યા હતા, જે તેની મૂળ સાથે જોડાયેલા રહેવાની ભાવના દર્શાવતું હતું પણ સાથે સાથે એવું પણ લાગતું હતું કે એક બાળક મોટા લોકોની દુનિયામાં આવી ગયો છે.



**કિમી એન્ટોનેલીની મુખ્ય સિદ્ધિઓ અને મહત્વની વાતો**

- 20 વર્ષની વયે F-1 ઇતિહાસનો સૌથી યુવા વર્લ્ડ ચેમ્પિયન બન્યો
- 2014માં 7 વર્ષની વયે ટાયરની અંદર સંતાઈને પ્રથમ વખત F-1 પેડોકમાં પ્રવેશ્યો હતો
- મિયામી ગ્રાન્ડ પ્રિકસમાં સૌથી નાની વયે પોલ પોઝિશન મેળવવાનો રેકોર્ડ બનાવ્યો
- 2026માં ચાઇના ગ્રાન્ડ પ્રિકસથી શરૂ કરીને સતત 5 ગ્રાન્ડ પ્રિકસ જીતી
- 2026ની ઇટાલિયન ગ્રાન્ડ પ્રિકસમાં 19મા સ્થાનેથી રેસ શરૂ કરીને યાદગાર જીત મેળવી

## પ્રથમ સિઝનમાં જ પ્રતિભાની ઝલક

સ્પેશિયલ રિપોર્ટ

તેની પ્રથમ સિઝનમાં તેની પ્રતિભાની ઝલક જોવા મળી હતી, જેમ કે મિયામી ખાતે તે સૌથી નાની વયે F-1 પોલ પોઝિશન મેળવનાર ડ્રાઇવર બન્યો હતો. પરંતુ તેની સાથે સાથે ઘણી ભૂલો પણ થઈ હતી. યુરોપિયન સેશન દરમિયાન સતત નબળા પરિણામોના કારણે ટીમ બોસ ટોટો વુલ્ફે તેના પ્રદર્શનને નિરાશાજનક ગણાવ્યું હતું. ત્યારબાદ એન્ટોનેલીએ પોતાની વ્યૂહરચના પર પુનર્વિચાર કર્યો અને 2026ની સિઝન માટે નવો અભિગમ અપનાવ્યો. માર્ચ મહિનામાં ચાઇના ગ્રાન્ડ પ્રિકસમાં પોતાની પ્રથમ F-1 જીત મેળવ્યા બાદ તેણે સતત 5 રેસ જીતીને ધમાકેદાર પુનરાગમન કર્યું.

## 2026ની સિઝનમાં એન્ટોનેલીના પ્રભુત્વનું કારણ

2026માં F-1ના ટેકનિકલ નિયમોમાં કરવામાં આવેલા દાયકાના સૌથી મોટા ફેરફારોના કારણે અનુભવી ડ્રાઇવરો માટે પણ નવી સ્થિતિ ઊભી થઈ હતી, જેનો લાભ એન્ટોનેલી જેવા યુવા ડ્રાઇવરને મળ્યો. તેની કુદરતી આક્રમક ડ્રાઇવિંગ શૈલી અને કાર પરનું સહજ નિયંત્રણ 2026ની નવી કાર્સ અને હાઇબ્રિડ ઈલેક્ટ્રિક પાવર સિસ્ટમ સાથે ઝડપથી સેટ થઈ ગયું. મર્સિડીઝના તેના સાથી ડ્રાઇવર જોર્જ રસેલ કરતાં પણ તેણે આ નવી સિસ્ટમ પર વધુ સારું નિયંત્રણ મેળવ્યું. રસેલે જણાવ્યું હતું કે લપસણા અને ઓછી ગ્રિપ વાળા ટ્રેક પર એન્ટોનેલીની પકડ જ તેને અન્ય ડ્રાઇવરોથી અલગ પાડે છે.